ગુજરાતમાં ખેડૂતો-ગરીબોની અવગણના : રાહુલ ગાંધી

ગુજરાત વિકાસ મોડલ ટોફી મોડલ છે : મોદીએ માત્ર ઉદ્યોગપતિઓને લાભ કરાવ્યો છે : મોદી અને અદાણીની ભાગીદારી છે : મોદી પર તેજાબી પ્રહારો

લાતુર,તા. ૧૪

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ આક્રમક પ્રચારનો દોર જારી રાખ્યો હતો અને મહારાષ્ટ્રના લાતુરમાં જનસભાને સંબોધી હતી. રાહુલે કહ્યું હતું કે, ગુજરાત મોડલ ટોફી મોડલ સમાન છે. આનાથી રાજ્યમાં માત્ર એક ઉદ્યોગપતિને ફાયદો પહોંચાડવામાં આવ્યો છે. ખેડૂતો અને ગરીબોની અવગણના કરવામાં આવી છે. રાહુલે કહ્યું હતું કે, ભાજપ પોતાના પ્રચાર પોસ્ટરમાં મહિલાઓને શક્તિ આપવાની વાત કરે છે પરંતુ પાર્ટીના કાર્યકરોએ આરએસએસ કાર્યકરોની સાથે મળીને કર્ણાટકના પબમાં મહિલાઓ સાથે મારામારી કરી હતી. ગુજરાતના મુખ્યમંત્રીએ પોતાની તાકાત અને પોલીસ મશીનરીનો ઉપયોગ એક મહિલાના ફોન ટેપ કરવા માટે કર્યો છે. રાહુલે ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું હતું કે, તેઓ ગુજરાત મોડલ અંગે લોકોને કહેવા માંગે છે. અડવાણી, જશવંતસિંહને બાજુમાં મુકી દેવામાં આવ્યા છે.

ભાજપ સંઘના ઈશારે ચાલે છે : સોનિયા

મુરાદાબાદ, તા.૧૪

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ મુરાદાબાદમાં ચૂંટણી રેલીને સંબોધતા આજે કહ્યું હતું કે, ભાજપ આરએસએસના ઈશારે ચાલે છે. આરએસએસની વિચારધારા આમા જોડાયેલી છે. સમાજને વિભાજિત કરવાનું કામ કરવામાં આવી રહ્યું છે. મુસ્લિમોને પ્રભાવિત કરવાના પ્રયાસરુપે સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કોંગ્રેસ સરકારે લઘુમતિના કલ્યાણ માટે અલગ મંત્રાલયની રચના કરીને ઘણા ઐતિહાસિક પગલા લીધા છે. નેશનલ વક્ફની રચના કરવામાં આવી છે. કોંગ્રેસ પ્રમુખે કહ્યું હતું કે, મહાત્મા ગાંધી, મૌલાના આઝાદ અને અન્ય મહાન લોકોએ કોંગ્રેસનું નેતૃત્વ કર્યું છે. આ લોકોના બલિદાનને લોકો જોઈ ચુક્યા છે. લોકસભાની ચૂંટણી બે જુદી વિચારધારાની લડાઈ છે. એક વિચારધારા સમાજને વિભાજિત કરવા માટેની છે. જ્યારે બીજી વિચારધારા સમાજને જોડવા માટેની છે.

એચ-૧બી વીઝાની માંગમાં ૪૦ ટકા સુધી વધારો થયો

બેંગલોર,તા. ૧૪

ભારતીય લોકોમાં ખુબ વધુ લોકપ્રિય ગણાતા એચ-૧બી વીઝા માટેની માંગમાં હાલમાં ૪૦ ટકા સુધીનો ઉલ્લેખનીય વધારો થયો છે. આ બાબત સાબિત કરે છે કે અમેરિકી અર્થતંત્રમાં હવે ઝડપી સુધારો થઈ રહ્યો છે. એચ-૧બી વીઝા માટેની માંગમાં વધારો દર્શાવે છે કે અમેરિકી અર્થતંત્રમાં ઝડપી સુધારો થઈ રહ્યો છે. આ વર્ષે દાખલ કરવામાં આવેલી એચ-૧બી વીઝા માટેની અરજીમાં વધારો થયો છે. ભારતીય લોકો દ્વારા એચ-૧બી વીઝાનો ઉપયોગ સૌથી વધારે કરવામાં આવે છે. મર્યાદિત સંખ્યામાં વીઝાની હિસ્સેદારી મેળવવા માટે ભારતીય કુશળ લોકો હમેંશા આશાવાદી રહે છે. યુએસ સીટીઝન્સ એન્ડ ઈમિગ્રેશન સર્વિસ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આ મહિને હજુ સુધી ૧૭૨૫૦૦ એચ-૧બી અરજી મળી ચુકી છે. એચ-૧બી વીઝા અરજી સ્વીકારવાની પ્રક્રિયા શરૂ થયા બાદ થોડાક દિવસોમાં જ મોટી સંખ્યામાં અરજી મળી ચુકી છે. ગયા વર્ષે આ જ ગાળામાં ૧૨૪૦૦૦ અરજી મળી હતી હવે આના કરતા ખુબ વધારે અરજી મળી છે. જે સાબિત કરે છે કે એચ-૧બી વીઝા અરજી કરનારાની સંખ્યમાં નોંધપાત્ર વધારો થયો છે. આ સંખ્યામાં આશરે ૪૦ ટકાનો વધારો થઈ ચુક્યો છે. અમેરિકી અર્થતંત્ર શાનદાર દેખાવમાં છે. અમેરિકી કંપની હવે રાહતની સ્થિતીમાં છે. એચ-૧બી વીઝા નોન ઈમિગ્રન્ટ વીઝા છે જે અમેરિકી કંપનીઓને વિદેશી વર્કરોને કામચલાઉ ધોરણે કામ માટે બોલાવવા અમેરિકી કંપનીઓને મંજૂરી આપે છે. જો કે આ પ્રકારના વીઝાની મર્યાદા ૬૫૦૦૦ રાખવામાં આવી છે. જ્યારે ૨૦૦૦૦ વધારે વીઝા એડવાન્સ ડિગ્રી ધરાવનાર લોકોને આપવામાં આવે છે. ક્વોટા ભરાઈ ગયા બાદ આગામી દિવસોમાં વધુ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

કોંગ્રેસનો યુ ટર્ન : ભાજપના પીઢ નેતાને સૌથી નબળા વડાપ્રધાન તરીકે ગણાવ્યા

નવી દિલ્હી,તા. ૧૪

વડાપ્રધાનને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હવે શાબ્દિક યુદ્ધ ચરમસીમા પર પહોંચી ગયું છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોટીને ટાર્ગેટ બનાવવા ભૂતપૂર્વ અટલ બિહારી વાજપેયીના પ્રશંસા કર્યાના દિવસો બાદ જ કોંગ્રેસે આજે યુ ટર્ન લઈને ભાજપના પીઢ નેતાને સૌથી નબળા વડાપ્રધાન તરીકે ગણાવ્યા હતા. એક બાજુ વિરોધ પક્ષ દ્વારા મનમોહનસિંહને સૌથી નબળા વડાપ્રધાન તરીકે ગણાવવામાં આવી રહ્યા છે ત્યારે હવે કોંગ્રેસે પણ વાજપેયીને સૌથી નબળા વડાપ્રધાન ગણાવ્યા છે. તેમના ટ્વિટમાં કોંગ્રેસના પ્રવક્તા સંજય ઝાએ કહ્યં છે કે, વાજપેયી સૌથી નબળા વડાપ્રધાન હતા. કારણ કે તેઓ પાકિસ્તાનના મામલામાં ભારતની સરહદ અને દેશના હિતોનું રક્ષણ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. આ ઉપરાંત વાજપેયી નરેન્દ્ર મોદીને અંકુશમાં લેવામાં પણ નિષ્ફળ રહ્યા



હતા. ૨૦૦૨માં ગુજરાતમાં કોમી રમખાણના અનુસંધાનમાં મુખ્યમંત્રી તરીકે મોદીને દૂર કરવા વાજપેયી ઈચ્છતા હતા પરંતુ તેઓ મોદીને દૂર કરી શક્યા ન હતા. હત્યાકાંડના મામલે મોદીની હકાલપટ્ટીની તેમની ઈચ્છા હતી પરંતુ ભાજપના તીવ્ર દબાણ સામે તેઓ ઝુકી ગયા હતા. કોંગ્રેસના પ્રવક્તાએ એમ પણ કહ્યું છે કે, પાકિસ્તાન મામલે પણ વાજપેયી નિષ્ફળ રહ્યા હતા. ઝાએ કહ્યું છે કે, વાજપેયી સૌથી નબળા વડાપ્રધાન હતા. કારણ કે કારગિલમાં ૫૦ સૈનિકોના મોત છતાં તત્કાલિન વડાપ્રધાન નવાઝ શરીફને તેઓ ગળે મળ્યા હતા. નબળા વડાપ્રધાનના કારણે જ જનરલ મુશર્રફે ભારતીય જમીન ઉપર એક રાત્રિ ગાળી હતી. હાલમાં જ મોદીને ટાર્ગેટ બનાવવા વાજપેયીની કોંગ્રેસે પ્રશંસા કરી હતી પરંતુ આજે એકાએક યુ ટર્ન લઈને તેમનો વિરોધ કર્યો હતો. હાલમાં જ તેની સત્તાવાર વેબસાઈટમાં કોંગ્રેસે કહ્યું હતું કે, વાજપેયીની સરખામણીમાં આવી શકે તેવા કોઈ નેતા ભાજપમાં નથી. ભાજપે ગઈકાલે મનમોહનસિંહના પૂર્વ મિડિયા સલાહકાર દ્વારા લખવામાં આવેલા પુસ્તકને લઈને મનમોહનસિંહ ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે તેઓ સૌથી નબળા વડાપ્રધાન રહ્યા છે. યુપીએના શાસન દરમિયાન પીએમની ઓફિસને નુકસાન થયું છે. ભાજપે કહ્યું છે કે, સોનિયા ગાંધીના ઈશારે સરકાર ચાલી રહી હતી. મનમોહનસિંહ એક્સિડેન્ટલ પીએમ તરીકે હતા.

મોંઘવારીની વચ્ચે લોકોની બચતમાં સતત ઘટાડો થયો

નવી દિલ્હી,તા. ૧૪

તીવ્ર મોંઘવારીના પરિણામ સ્વરૂપે સામાન્ય લોકોની બચતમાં ઘટાડો થઈ રહ્યો છે. બચતને વધારવાના તમામ પ્રયાસો કરાઈ રહ્યા હોવા છતાં બચત વધવાના કોઈપણ સંકેત દેખાઈ રહ્યા નથી આવી સ્થિતિમાં સામાન્ય વ્યક્તિની હાલત કફોડી બનેલી છે. મોંઘવારીના પરિણામ સ્વરૂપે સામાન્ય લોકોની બજેટની ગણતરી ઊંધી વાળી દીધી છે જેથી લોકો બચત કરી શકતા નથી. દેશમાં સ્થાનિક બચતદર અથવા તો ડોમેસ્ટીક સેવિંગ રેટ ૨૦૦૮ બાદથી સતત ઘટી રહ્યો છે. આ નાણાંકીય વર્ષમાં સ્થાનિક બચત દરનો આંકડો કુલ જીડીપીની સરખામણીમાં ૩૦ ટકાથી પણ નીચે પહોંચી શકે છે. સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઈઝેશનના નવા આંકડામાં જણાવવામાં આવ્યું છેકે વર્ષ ૨૦૦૮માં સ્થાનિક બચત રેટ જીડીપીની સરખામણીમાં ૩૬.૮ ટકા હતો. ૨૦૧૦માં આ દર ૩૪.૧૦ ટકા થયો છે. ત્યારબાદ તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૨૦૧૪ના આંકડા હજુ સુધી જારી કરાયા નથી પરંતુ બજારની જે પરિસ્થિતિ છે તેને જોતા લાગે છે કે આમા ઘટાડો જારી રહેશે. એસોચેમના જણાવ્યા મુજબ સામાન્ય વ્યક્તિની બચતમાં કમી થવા માટેના બે કારણો છે. એક કારણ એ છે કે મોંઘવારી ખૂબ આસમાને છે. બીજુ કારણ ઊંચા વ્યાજદર છે. એસોચેમના જનરલ ડીએસ રાવતનું કહેવું છે કે બચતમાં સૌથી વધારે યોગદાન મધ્યમ વર્ગનું છે. છેલ્લા કેટલાક વર્ષથી મોંઘવારી વધી છે પરંતુ તે દૃષ્ટિએ પગારમાં વધારો થયો નથી જેથી બચતને માઠી અસર થઈ છે. સરકારને આ મામલામાં ગંભીરતાથી વિચારણા કરવાની જરૂર છે. બચતના દરમાં ઘટાડો થતાં આવનાર સમયમાં લોકોની હાલત કફોડી થઈ શકે છે.

અણુ નીતિમાં ભાજપ કોઈ જ ફેરફાર કરશે નહીં : રાજનાથ

નવી દિલ્હી,તા. ૧૪

ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, પરમાણુ નીતિમાં કોઈ મોટાફેરફાર કરવામાં આવશે નહીં. જો ભાજપ સત્તામાં આવશે તો ભાજપ પ્રથમ પરમાણુ હથિયાર ઉપયોગ નહીં કરવાની નીતિને જાળવી રાખશે અને તેમાં કોઈ મોટા ફેરફાર કરશે નહીં. ભાજપ પ્રમુખે કહ્યું હતું કે, અમે અમારા વલણ ઉપર મક્કમ છે. અમે આ નીતિને બદલવા માંગતા નથી. ભાજપના નેતૃત્વમાં વાજપેયી સરકારના ગાળા દરમિયાન ૧૯૯૮માં પરમાણુ પરિક્ષણ કરવામાં આવ્યા બાદ ભારતે પરમાણુ શસ્ત્રોનો પ્રથમ ઉપયોગ નહીં

કરવાની નીતિ અપનાવી હતી. એક પરમાણું સત્તા દેશ તરીકે ભારતે તેની જવાબદારી જાળવી રાખી છે. વર્ષ ૧૯૭૦ના સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ બિન પસારવાદ સમજૂતિ પર ભારતે હસ્તાક્ષર કર્યા નથી પરંતુ ભારતે પોતાની જવાબદારી જાળવી રાખી છે. પરમાણુ શસ્ત્રોના ફેલાવવાને રોકવા સાથે સંબંધિત સમજૂતિ ઉપર ભારતે સહીસિક્કા કર્યા નથી પરંતુ ભારતે પોતાની આક્રમક નીતિ જાળવી રાખી છે. પરમાણુ શસ્ત્રોના મામલે ભારત ખુબ જ ગંભીર છે. ભાજપ ચૂંટણી બાદ સત્તા કબજે કરશે તેવી અપેક્ષા દેખાઈ રહી છે. સાતમી એપ્રિલના દિવસે લોકસભાની ચૂંટણી માટેની પ્રક્રિયા શરૂ થઈ હતી. ૧૬મી મેના દિવસે ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે. કોઈપણ ભાજપ સરકાર પરમાણુ અંગેની નીતિ જાળવી રાખવા માટે મક્કમ છે. પાકિસ્તાન અને ચીન દ્વારા ભારત ઉપર નજર રાખવામાં આવી રહી છે.

ચીને ૧૯૬૪માં પ્રથમ ઉપયોગ નહીં કરવાની નીતિ અપનાવી હતી પરંતુ ભારત અને પાકિસ્તાને આવી નીતિ અપનાવી નથી. કોઈ સમજૂતિ ઉપર પણ હસ્તાક્ષર કર્યા નથી. દરમિયાન ભાજપ પ્રમુખે કહ્યું હતું કે, વારાણસીમાં ચૂંટણી મેદાનમાં ઉતરેલા અરવિંદ કેજરીવાલને વારાણસીમાં રાજકીય મુક્તિ મળશે.

એએપીના નેતા સાજિયાની રેલીમાં થયેલો પથ્થરમારો

નવી દિલ્હી,તા. ૧૪

આમ આદમી પાર્ટીના નેતાઓ ઉપર હુમલા અને પથ્થરમારાનો દોર જારી રહ્યો છે. હવે એએપીના નેતા સાઝિયા ઈલ્મીની રેલી ઉપર પથ્થર ફેંકવામાં આવ્યા હતા. મધ્યપ્રદેશના નિમચ ખાતે આયોજીત રેલીમાં સાઝિયાના ભાષણ

દરમિયાન પથ્થરો ફેંકવામાં આવ્યા હતા. પક્ષના નિમચના ઉમેદવાર અને ભૂતપૂર્વ અપક્ષ ધારાસભ્ય રતલામ, પારસ અને અન્ય કેટલાક લોકોએ કહ્યું છે કે, નરેન્દ્ર મોદી જિંદાબાદ, કેજરીવાલ ગદ્દાર હૈ કહીને જોરદાર સૂત્રોચ્ચાર કર્યા હતા. પોલીસે કહ્યું છે કે, ડઝન જેટલા વણઓળખાયેલા લોકો સામે કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. ફરિયાદના આધાર પર રેલીમાં પથ્થરમારો કરવામાં આવ્યો હતો. સ્થાનિક ઉમેદવાર પારસના સમર્થનમાં શહેરમાં કમલ સ્કેવર ખાતે આયોજિત રેલીમાં આ બનાવ બન્યો હતો. એએપીના ઉમેદવારો હાલમાં જુદી જુદી જગ્યાઓએ ટાર્ગેટ બની રહ્યા છે. જેડીયુ ઉપર પણ આક્ષેપો કરવામાં આવ્યા છે.

અરવિંદ કેજરીવાલનો આક્ષેપ : એડિટરોને ભાજપના લોકો ધમકી આપી રહ્યા છે

નવીદિલ્હી, તા.૧૪

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે આક્ષેપ કર્યો છે કે, મિડિયાના એડિટરોને ભાજપ દ્વારા પણ ધમકી આપવામાં આવી રહી છે. તેમની સરકાર આવનાર છે અને અમે જોઇ લઇશું તેવી ધમકી આપવામાં આવે છે. પોતાના નેતા દિલીપ પાંડેના પુસ્તકના વિમોચન પ્રસંગે વાતચીત કરતા કેજરીવાલે કહ્યું હતું કે, આ દેશને બચાવવાની જરૂર છે.

એડિટરોને જોઇ લેવાની ધમકી આપવામાં આવી રહી છે. ઇન્ડિયા ટીવીના એક એડિટરે આ મામલે નોકરી પણ છોડી દીધી છે. ભાજપ ચૂંટણી બાદ કંઇપણ કરી શકે છે. ભાજપના લોકો ખુબ જ સત્તા લાલચી બની ગયા છે. મિડિયામાં પણ દહેશત ફેલાયેલી છે. સત્તામાં આવવા માટે પણ કોઇની પણ હત્યા કરાવી શકે છે. દરમિયાન ભાજપના પ્રવક્તા મિનાક્ષી લેખીએ કહ્યું છે કે, આ કામ કેજરીવાલ કરે છે. ખોટા આરોપો કરવાની તેમની ટેવ છે. મિનાક્ષીએ કહ્યું હતું કે, મિડિયાને ખુલ્લી ધમકી કેજરીવાલ આપી ચુક્યા છે જેનાથી તમામ લોકો વાકેફ છે. વિડિયોને તમામ લોકો જોઇ ચુક્યા છે.

મોદી વિરુદ્ધ ચૂંટણી લડવાની કોઇ યોજના ન હતી : પ્રિયંકા

નવી દિલ્હી,તા. ૧૪

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા વાઢેરા ગાંધીએ આજે એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે તે વારાણસી બેઠક પર ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર સામે ચૂંટણી મેદાનમાં ઉતારવા માટેની યોજના ધરાવતી હતી. પ્રિયંકાએ કહ્યું છે કે આ અંગેના અહેવાલ પાયાવગરના છે. તેની મોદી સામે ચૂંટણી લડવાની કોઈ ઈચ્છા કે યોજના ન હતી. પ્રિયંકાએ કહ્યું છે કે જો તેની ઈચ્છા ચૂંટણી લડવાની રહી હોત તો પરિવારના સભ્યોએ ક્યારેય તેને રોકી ન હોત. અહેવાલમાં અગાઉ દાવો કરવામાં આવ્યો હતો કે પ્રિયંકા વારાણસીમાંથી ચૂંટણી લડવા માટે ઈચ્છુક હતી. પરંતુ પક્ષની લીડરશીપે તેને મેદાનમાં ઉતરવાની મંજૂરી આપી ન હતી. પ્રિયંકાએ કહ્યું હતું કે તે પહેલાથી જ

કહેતી આવી છે કે તે માત્ર અમેઠી અને રાયબરેલી બેઠક પર ધ્યાન આપવા માંગે છે. પ્રિયંકા હાલમાં ભાઈ રાહુલ ગાંધી અને માતા સોનિયા ગાંધીના પ્રચારની જવાબદારી સંભાળે છે. પરિવારના ગઢ ગણાતા આ બન્ને મતવિસ્તારમાં તે ખાસ ધ્યાન આપવા માંગે છે.

અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે મોદી દેશ માટે ખતરનાક છે તેમ માનીને તે મોદી સામે લડવા માંગતી હતી. મોદીને રોકવા માટે પ્રિયંકા અતિ ઉત્સુક દેખાઈ રહી હતી.પ્રિયંકાએ કહ્યું છે કે મારા ભાઈ રાહુલે મારી સમક્ષ અનેક વખત એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે ચૂંટણી લડવી જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસે આઠમી એપ્રિલના દિવસે મોદી સામે સ્થાનિક ધારાસભ્ય અજય રાયને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો હતો. વારાણસી બેઠક પર તેના ઉમેદવાર જાહેર કરવામાં કોંગ્રેસે ભારે વિલંબ કર્યો હતો. પાંચ વખતના ધારાસભ્ય દ્વારા તેમના ચૂંટણી પ્રચારની શરૂઆત કરવામાં આવી ચુકી છે. પ્રિયંકા હાલમાં રાહુલ અને સોનિયા ગાંધી સાથે નજરે પડી રહી છે.

બિહારમાં ભાજપ ભવ્ય જીત મેળવે તેવી શક્યતા

ઉત્તરપ્રદેશની સાથે સાથે બિહારમાં પણ નરેન્દ્ર મોદીની લહેર જોવા મળી રહી છે જેના પરિણામ સ્વરુપે આ વખતે નીતિશકુમારની પાર્ટી જેડીયુની હાલત કફોડી બને તેવી શક્યતા દેખાઈ રહી છે. બિહારમાં લોકસભાની ૪૦ બેઠક છે. આ રાજ્યમાં જાતિ અને ધર્મની મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી છે. બિહારમાં ચાવીરુપ જાતિઓમાં કુરમી, યાદવ, મુસ્લિમ, અનુસૂચિત જાતિ અને ઉચ્ચ જાતિનો સમાવેશ થાય છે જેમાં રાજપૂત, બ્રાહ્મણ અને ભૂમિહારનો સમાવેશ થાય છે. આરજેડી અને લાલૂ યાદવના શાસનમાં મુસ્લિમોની સ્થિતિ ખુબ મજબૂત હતી પરંતુ ૨૦૦૫માં ભાજપ અને જેડીયુના લીધેઆ ગઠબંધનની હાલત કફોડી બની ગઈ હતી અને આરજેડીના વર્ચસ્વનો અંતઆવ્યો હતો.

ગુજરાત કરતા ઉત્તરપ્રદેશમાં વધુ વિકાસ : મુલાયમસિંહ

મુરાદાબાદ,તા. ૧૪

સમાજવાદી પાર્ટીના નેતા અને ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મુલાયમસિંહ યાદવે આજે ફરી એકવાર આક્ષેપ કર્યો હતો કે, ગુજરાતથી વધારે વિકાસ ઉત્તરપ્રદેશમાં થયો છે. મુલાયમે કહ્યું હતું કે, માત્ર તેમની પાર્ટી જ કોમવાદની સામે લડી રહી છે. તેમની પાર્ટીના કારણે જ ભાજપની બેઠકોની સંખ્યા ઘટીને નવ સુધી થઈ ગઈ હતી. મોદીને ખુલ્લો પડકાર ફેંકતા મુલાયમે કહ્યું હતું કે, મોદી વિકાસના મામલામાં ઉત્તરપ્રદેશની સરખામણી કરી શકે નહીં. યાદવે સંભલમાં એક ચૂંટણી રેલીને સંબોધતા કહ્યું હતું કે, અમે કોમવાદની સામે લડી રહ્યા છે. માત્ર સમાજવાદી પાર્ટી જ સાંપ્રદાયિક તાકાતોને નષ્ટ કરી શકે છે. આ અગાઉ ભાજપને અમે અટકાવવામાં સફળ થઈ ચુક્યા છે. મનમોહનસિંહ ઉપર પોતાના મિત્ર મોન્ટેકસિંહને આયોજન પંચના નાયબ અધ્યક્ષ બનાવવાનો આક્ષેપ કરતા તેમણે કહ્યું હતું કે, આહલુવાલિયાએ ગરીબી સાથે જોડાયેલા ખોટા અહેવાલ આપ્યા હતા. યાદવે દાવો કર્યો હતો કે, ગુજરાતની સરખામણીમાં ઉત્તરપ્રદેશમાં ખુબ સારા વિકાસ કામો થયા છે. રાજ્યમાં અમારી સરકાર ખુબ સારી કામગીરી અદા કરી રહી છે. ગુજરાતમાં કોઈ વિકાસ કામગીરી થઈ નથી. ઉત્તરપ્રદેશથી ગુજરાત ખુબ પાછળ છે. હાલમાં જ મુલાયમે બળાત્કારના મુદ્દે વિવાદાસ્પદ ટિપ્પણી કરીને મહિલાઓ સહિત દેશભરના લોકોને નારાજ કરી દીધા હતા અને તેમની વ્યાપક ટિકા થઈ હતી. મુલાયમે વિવાદાસ્પદ ભાષણમાં કહ્યું હતું કે, બાળકોથી ભુલ થાય છે પરંતુ આના માટે ફાંસીની સજા થવી જોઈએ નહીં. જો કેન્દ્રમાં તેમની સરકાર આવશે તો બળાત્કાર સંબંધિત કાયદાઓમાં સુધારા કરશે. મુલાયમના આ ભાષણથી વિરોધ પક્ષોએ તેમની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, મુલાયમ બળાત્કારીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે.

ખતરનાક આતંકવાદી અબ્દુલ મિકાસની ઉંડી શોધખોળ જારી

પટણા, તા.૧૪

ઈન્ટેલીજન્સ બ્યુરો અને નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીની સંયુક્ત ટીમના સભ્યો હાલમાં ફરાર થઈ ગયેલા ખતરનાક આતંકવાદી સંગઠન ઈન્ડિયન મુઝાહિદ્દીનના સભ્ય અબ્દુલ મિકાસ અફઝલની ઉંડી શોધખોળ હાથ ધરી છે. ઉત્તરપ્રદેશના મુઝફ્ફરપુરના દરભંગા અને કટિયા વિસ્તારમાં આઈબી અને એનઆઈએની સંયુક્ત ટીમ દ્વારા તેની શોધખોળ ચાલી રહી છે. મુઝફ્ફરનગરમાં કોઈ જગ્યાએ આ કુખ્યાત આતંકવાદી છુપાયો હોવાના અહેવાલ મળી રહ્યા છે. અબ્દુલ મિકાસ અફઝલ ઉપર સંયુક્ત ટીમ દ્વારા દરભંગામાંથી લાપતા થયેલા આશરે બે ડઝન યુવાનોની ઉંડી શોધખોળ પણ હાથ ધરી છે. આ યુવાનો દરભંગા, મુઝફ્ફરપુર અને સમસ્તીપુરમાંથી લાપતા થયા હતા. આ તમામ યુવાનો ક્યા છે તે અંગે કોઈ માહિતી મળી શકી નથી. સ્થાનિક પોલીસ ઉપરાંત તેમના પરિવારના સભ્યો પાસેથી તેમના અંગે કોઈ માહિતી નથી. આઈબી પાસે એવી માહિતી છે કે, આ બે ડઝન યુવાનો ઈન્ડિયન મુઝાહિદ્દીનના સકંજામાં આવી ગયા છે અને તેની જાળ હેઠળ કામ કરી રહ્યા છે.

ચૂંટણી બાદ એએપીના નેતાઓ પર હુમલા થઈ શકે : કેજરીવાલ

નવીદિલ્હી, તા.૧૪

એએપીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કહ્યં હતું કે, લોકસભાની ચૂંટણી બાદ તેમની પાર્ટી ઉપર વાસ્તવિક હુમલા થઈ શકે છે. લોકસભાની ચૂંટણી બાદ પણ હુમલાની દહેશત કેજરીવાલને દેખાઈ રહી છે. પુસ્તકના એક વિમોચન કાર્યક્રમમાં કેજરીવાલે કહ્યું હતું કે, તેઓ અને તેમના કેટલાક સાથીઓ લોકસભાની ચૂંટણીના પ્રચારના ભાગરુપે હજુપણ હુમલાના શિકાર થઈ રહ્યા છે. તેમના ઉપર ઈંડાઓ ફેંકવામાં આવી રહ્યા છે, હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે, ચૂંટણી બાદ પણ હુમલા થવાની દહેશત રહેલી છે. ચૂંટણી બાદ પણ અમારા ઉપર આવા જ હુમલા થતાં રહેશે.

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી દેશભરમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે હાલમાં આકરા પ્રહાર કરી રહ્યા છે. વારાણસી લોકસભા બેઠકમાં મોદીને તેઓ પડકાર ફેંકી ચુક્યા છે. તેમના ભાષણમાં કેજરીવાલે કહ્યું હતું કે, સ્ટિંગ ઓપરેશનના પરિણામ આવી રહ્યા છે. જેમાં જણાવવામાં આવી રહ્યું હતું કે, અમારા નેતાઓ ઉપર હુમલા કરવામાં આવશે. કેજરીવાલે ભુલથી અશોક સિંઘલનું નામ લીધું હતું પરંતુ આ ભુલ સુધારી હતી અને સાક્ષી મહારાજનું નામ લીધું હતું. એએપીની લડાઈ જારી રહેશે. અમે વાસ્તવિકતાની લડાઈ ઉપર આગળ વધી રહ્યા છે. આ લડાઈને આગળ વધારવામાં આવશે. અણ્ણા હઝારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના દિવસો ઉપર આધારિત આ પુસ્તક જારી કરવામાં આવ્યા બાદ કેજરીવાલે ઘણા પ્રશ્નો ઉઠાવ્યા હતા. આંદોલન બાદ એએપીની રચના થઈ હતી. આ પુસ્તક એએપીના સભ્યો દિલીપ પાંડે અને ચંચળ શર્મા દ્વારા લખવામાં આવ્યું છે. દરમિયાન એએપીના નેતા સવારે કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને જીત અપાવવાથી કોઈ ફાયદો થશે નહીં. ચૂંટણી બાદ મોદી હારે તેમ તેઓ સ્વપ્ન જુએ છે. રાજકીય પક્ષોની સરકાર દેશમાં ઘણી આવી ગઈ છે હવે સમાન્ય લોકોની સરકાર આવી જોઈએ.